# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-04-2026** **Midday : 2.30 to 2.35pm**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

------------------------------------------------------------------

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# GUJARAT-PRESIDENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રીય સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરવા માટે જાતિ અને સંપ્રદાયના અવરોધોથી ઉપર ઉઠીને રાષ્ટ્રીય એકતાનું આહ્વાન કર્યું છે.

આજે ગાંધીનગરના લોકભવન ખાતે 'સામાજિક સમરસતા મહોત્સવ' માં, રાષ્ટ્રપતિએ ડૉ.બાબાસાહેબ આંબેડકરને શ્રદ્ધાંજલિ અર્પણ કરી અને ભાર મૂક્યો કે સુમેળભર્યા ભારતનો માર્ગ સુમેળભર્યા ગામડાઓથી શરૂ થાય છે.

## બાઇટ : દ્રૌપદી મુર્મુ, રાષ્ટ્રપતિ

તેમણે ગામડાઓને દેશનો આત્મા ગણાવ્યો અને ભાર મૂક્યો કે વંચિત વર્ગના બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવું એ આપણી સામૂહિક જવાબદારી છે. રાષ્ટ્રપતિ મુર્મુએ વધુમાં નોંધ્યું કે ભારતની સાંસ્કૃતિક એકતા કરુણામાં મૂળ ધરાવે છે અને સમાવિષ્ટ વિકાસ માટે સામાજિક સંવાદિતા જરૂરી છે.આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે બાબા સાહેબ આંબેડકરે શિક્ષણ દ્વારા ન્યાય અને ભાઈચારાનો માર્ગ મોકળો કર્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની 266 તાલુકાઓમાં રાત્રિ રોકાણ, સામુદાયિક ભોજન અને વૃક્ષારોપણ ઝુંબેશ દ્વારા સામાન્ય માણસ સુધી પહોંચવાની અનોખી પહેલની પ્રશંસા કરી.

# ELECTION FORM

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ગઇકાલે ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરાઇ હતી. જેમાં ક્ષતિગ્રસ્ત પત્રો રદ પણ કરવામાં આવ્યા હતા. અમદાવાદ મહાનગરપાલિકાના 48 વોર્ડમાં એક હજાર 552 જેટલા ઉમેદવાર નોંધાયા હતા. ફોર્મ ચકાસણી બાદ અત્યાર સુધીમાં કુલ 3 ફોર્મ પરત ખેંચાયા છે. જ્યારે 427 ફોર્મ રદ્દ કરાયા છે. આમ અત્યાર સુધીમાં એક હજાર 123 જેટલા ઉમેદવાર મેદાનમાં છે. ઘાટલોડિયા, દાણીલીમડા અને લાંભા વોર્ડમાંથી માંથી 1-1 ફોર્મ પરત ખેંચાયું છે.

સૌથી વધુ વસ્ત્રાલ વોર્ડમાંથી 24 ફોર્મ રદ્દ થયા છે. પોરબંદર મહાનગરપાલિકા ચૂંટણી માટે ભરેલા આમ આદમી પાર્ટીના 6 અને બસપાનું એક ફોર્મ અમાન્ય થયું છે. જેમાં વોર્ડ નંબર 10માં આપ પાર્ટીનું એક મહિલાનું ફોર્મ રદ થતા ભાજપના 2 મહિલા ઉમેદવાર બિન હરીફ બન્યા છે.

જોકે અહીં પુરુષ ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાશે જ્યારે જિલ્લા પંચાયતની 3 બેઠક પર કોંગ્રેસના 2 અને આપનું 1 એમ 3 ફોર્મ અમાન્ય થયા છે, આ ઉપરાંત પોરબંદર તાલુકા પંચાયતમાં એક બેઠક પર કોંગ્રેસનું એક  ફોર્મ રદ થયું છે.

પંચમહાલ જિલ્લાની શહેરા નગરપાલિકામાં કોંગ્રેસના 15 ઉમેદવાર, આપના બે અને એક અપક્ષે ફોર્મ ભર્યું હતું. જ્યારે ભાજપે તમામ 28 બેઠકો પર ઉમેદવાર ઊભા રાખ્યા હતા તેથી ઉમેદવારી ફોર્મ ભરવાના દિવસે ભાજપની 11 બેઠક બિન હરીફ થઈ હતી.

ચકાસણીના દિવસે કોંગ્રેસના ચાર જેટલા ઉમેદવારના ફોર્મ રદ થતાં ભાજપા એ 15 બેઠકો બિનહરીફ કબજે કરી હતી. આવતીકાલે ઉમેદવારી પત્રો પરત ખેંચવાની છેલ્લી તારીખ છે. ત્યારબાદ ઉમેદવારોની ફાઇનલ યાદી જાહેર કરવામાં આવશે.

# AMBEDAKAR JAYANTI

રાજ્ય સહિત દેશભરમાં આજે ડૉ.બાબાસાહેબ આંબેડકરની 135મી જન્મજયંતી ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે આયોજિત વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થઈને ભાવવંદના કરી હતી. ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ ખૂબ જ ઉત્સાહ સાથે ઉજવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના મુખ્ય નાયબ દંડક વિજય પટેલ. હાજર રહ્યા હતા. તો બીજી તરફ અરવલ્લી જિલ્લાના મોડાસામાં ભવ્ય શોભાયાત્રા યોજાઇ હતી, જ્યાં બાબા સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. મહીસાગર જીલ્લામાં લુણાવાડા ખાતે પણ બાબા સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી. બોટાદ શહેરમાં અનુસૂચિત જાતિ સમાજ દ્વારા મુખ્ય માર્ગો પર રેલી યોજાઇ હતી. જે અંગે વધુ માહિતી મહંત દિનેશબાપુએ આપી.

## બાઇટ : દિનેશ બાપુ

આકાશવાણીના અમદાવાદ કેન્દ્ર ખાતે પણ ડો બાબસાહેબ આંબેડકરની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી જેમાં ડો બાબસાહેબ આંબેડકરની છબીને પુષ્પાંજલિ અર્પિત કરવામાં આવી. આ પ્રસંગે કાર્યાલય અધ્યક્ષ એન એલ ચૌહાણે વિશેષ વક્તવ્ય આપ્યું હતું.

# SWIMMING COMPETITION

કેરળના કોચીની પેરિયાર નદી ખાતે સ્વીમાંથોન અલ્ટ્રા પલ્સ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. આ સ્પર્ધામાં 400 મીટરથી 20 કિલોમીટર સુધી વિવિધ સ્પર્ધાઓ હતી. આ સ્પર્ધામાં મહેસાણાની સાર્વજનિક વિદ્યાલયના ધોરણ.6 માં અભ્યાસ કરતા વીર રાવલે ભાગ લીધો હતો. તેને 20 કિલોમીટરનું અંતર 6 કલાક અને 18 મિનિટમાં પૂર્ણ કર્યું હતું. ભારતની આ સૌથી લાંબી ઓપન વોટર સ્પર્ધામાં વીરે માત્ર સૌથી નાની વયે સફળતાપૂર્વક પૂર્ણ કરી રાજ્યનું નામ નામ રોશન કર્યું છે. આ સ્પર્ધામાં દેશ વિદેશના 949 સ્પર્ધકોએ ભાગ લીધો હતો.